અપીલ અરજી નં.૨૦૫ તા.૫–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રમિક એકતા પરિષદ તરફે શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૬–૦૯ ની અરજીથી (૧) માહિતી/અધિકાર મારફતે માર્ગદર્શન મેળવી જરૂરી કિંમતના સ્ટામ્પ પેપર ડોકયુમેન્ટ સાથે શ્રી બાબુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ નાઓએ અરજીઓ આપેલ જેની ઝેરોક્ષ નકલ માંગણી કરેલ. જેના જવાબમાં અરજીઓ રેકોર્ડ પર ઉપલબ્ધ નથી . એનું કારણ શું? (૨) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એના કામઅંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં? તા.૨૪–૬–૦૯ નાં રોજ મળેલ જવાબમાં યોગ્ય માહિતી આપેલ નથી. જેમાહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૫–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૫/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૬–૦૯ ની અરજીથી (૧) માહિતી/અધિકાર મારફતે માર્ગદર્શન મેળવી જરૂરી કિંમતના સ્ટામ્પ પેપર ડોકયુમેન્ટ સાથે શ્રી બાબુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલનાઓએ અરજીઓ આપેલ જેની ઝેરોક્ષ નકલ માંગણી કરેલ. જેના જવાબમાં અરજીઓ રેકોર્ડ પર ઉપલબ્ધ નથી . એનું કારણ શું? (૨) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એનાકામ અંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં? તા.૨૪–૬–૦૯ નાં રોજ મળેલ જવાબમાં યોગ્ય માહિતી આપેલ નથી. જેમાહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૧૭ તા.૧૭–૭–૦૯ થી આપેલ માહિતી અધુરી અને સમયસર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૯ તા.૧૩–૧૦–૦૯ થી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલ અરજી દોઢ માસના વિલંબથી રજૂ કરેલ છે જે અંગે વાજબીપણું અને આધાર પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી આવી કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી તથા જાહેર માહિતી અધિકારી તરફથી પણ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૦૯ ની અરરજીથી ઉપરોકત વિષય સંદર્ભે માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેશર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૧૭ તા.૧૭–૭–૦૯ થી માહિતી આપવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૫–૧૦–૦૯ ના રોજ લગભગ દોઢ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતી સમય મર્યાદામાં મળેલ નથી એવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૩૦–૬–૦૯ ની અરજીની માહિતી તા.૧૭–૭–૦૯ ના રોજ સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. (૧) માહિતી/અધિકાર મારફતે માર્ગદર્શન મેળવી જરૂરી કિંમતના સ્ટામ્પ પેપર ડોકયુમેન્ટ સાથે શ્રી બાબુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલનાઓએ અરજીઓ આપેલ જેની ઝેરોક્ષ નકલ માંગણી કરેલ. જેના જવાબમાં અરજીઓ રેકોર્ડ પર ઉપલબ્ધ નથી . એનું કારણ શું? જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી "બંને અરજદારોની મિલ્કતની આકારણી દફતરે ઝુંપડા તરીકે દાખલ હોય ઝુંપડામાં ભાગલા પાડી શકાતા ન હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. જે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જે અંગે અગાઉ આરટીઆઈ નં.૮૧ તા.૪–૭–૦૯ ના રોજ અનુસંધાનમાં પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જવાબ પાઠવવામાં આવેલ છે. (૨) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એનાકામ અંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં? તા.૨૪–૬–૦૯ નાં રોજ મળેલ જવાબમાં યોગ્ય માહિતી આપેલ નથી. જે અંગે માહિતી માંગવા બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આ અગાઉ આરટીઆઈ નં.૮૧ તા.૪–૭–૦૯ ના અનુસંધાનમાં મુદ્દા નં.૧ ના સંદર્ભમાં અરજીની સાથે લાગત જરૂરી દસ્તાવેજી પુરાવાઓ જો સામેલ હોય તો સામાન્ય રીતે અરજીનો નિકાલ દિન–૧૫માં કરવામાં આવે છે. તેવો જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી પાઠવવામાં આવેલ છે.

અરજદારની અરજી લગભગ દોઢ માસના વિલંબથી કરવામાં આવેલ હોઈ તેમજ વિલંબનું કોઈ વાજબીપણું અપીલ તબકકે તક આપવા છતાં પૂરક વિગતોમાં કે અપીલ સાથે રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. પ્રસ્તુત કેસમાં મુદ્દા નં.૧ અંશતઃ સિવાય ઉપલબ્ધ થયેલ દફતરી વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારની વાજબીપણા વિનાની વિલંબિત અપીલ હોવા છતાં પારદર્શીતા અને જવાબદારીને ઉત્તેજન આપવા સાથે કાયદાના હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે જાહેર સત્તા મંડળના હકારાત્મક પ્રયત્નોને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજીઓ દફતરે કર્યાનું જણાવેલ છે પરંતુ તેની નકલો ઉપલબ્ધ નહીં હોવાની માહિતી આપેલ છે. તે ધ્યાને લેતાં જે સંદર્ભ પરથી અરજી દફતરે કરી તે તથા અરજીઓની દફતરનો નિકાલ કે નાશ કર્યો તેની યાદીની વિગતો કચેરી પાસે હોવી અનુમાનિત છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંશતઃ અંગે દફતર ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે સબંધિત દફતરના ઈન્સ્પેકશન સહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ,